# બહેન સાથે રમતો 11 માસનો ભાઈ બહાર દોડ્યો, કારે કચડી નાંખ્યો

**મૂળ** મધ્યપ્રદેશનો પરિવાર બે દિવસ પહેલા જ સુરત આવ્યો હતો અને સચિનમાં ઝૂંપડામાં રહેતો હતો

**માતા** ઘરકામમાં વ્યસ્ત હતી અને કાર ઘર પાસેથી પસાર થતી હતી ત્યારે પૈંડું બાળકના માથા પરથી ફરી વળ્યું

### માતા દોડીને બહાર આવી પણ...

અકસ્માત દરમિયાન બાળકને ગંભીર ઈજા થતાં માતાને બહારથી અવાજ સંભળાયો હતો. અવાજ સાંભળતાં જ માતા ગભરાઈને તાત્કાલિક ઘરની બહાર દોડી આવી હતી. પરંતુ માતા બહાર પહોંચે ત્યાં સુધીમાં ખૂબ મોડું થઈ ચૂક્યું હતું. આંખોની સામે જ પોતાના 11 મહિનાના બાળકને મૃત હાલતમાં જોઈ માતા પર જાણે આભ તૂટી પડ્યું હતું.

સુરતઃ સચિન વિસ્તારમાં ઘરમાં મોટી બહેન સાથે રમતો 11 માસનો બાળક રમતા-રમતા અચાનક ઘર બહાર દોડી ગયો હતો. એ જ સમયે રસ્તા પરથી પસાર થઈ રહેલી કારની અડફેટે આવી જતાં કારનું ટાયર તેના માથા પરથી ફરી વળતાં તેનું મોત થયું હતું.

મૂળ મધ્યપ્રદેશના જાબુઆના વતની હુરપાલ કાલરા પોતાના પરિવાર સાથે રોજીરોટીની શોધમાં બે દિવસ પહેલાં જ સુરત આવ્યાં હતા. તેઓ સચિન હોજીવાલા રોડ નંબર-10 પર હોજીવાલા મંડળી સામે આવેલી ઝૂંપડપટ્ટીમાં પત્ની, પુત્રી અને 11 મહિનાના પુત્ર સતીષ સાથે રહેતા હતા. હુરપાલ કડિયા કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. બપોરના સમયે 11 મહિનાનો સતીષ પોતાની મોટી બહેન સાથે ઘરમાં રમી રહ્યો હતો. માતા ઘરકામમાં વ્યસ્ત રહી વાસણ સાફ કરી રહી હતી. દરમિયાન રમતા-રમતા સતીષ અચાનક ઘરની બહાર દોડી ગયો હતો. માત્ર ગણતરીની ક્ષણોમાં જ એવી ઘટના બની કે પરિવારની દુનિયા જ ઉજડી ગઈ. સતીષ ઘરની બહાર નીકળ્યો ત્યારે રસ્તા પરથી એક કાર પસાર થઈ રહી હતી. બાળક કારની અડફેટે આવી ગયું હતું. કારની અડફેટે આવ્યા બાદ તેનું ટાયર સતીષના માથાના ભાગ પરથી ફરી વળ્યું હતું. અકસ્માતમાં બાળકને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયું હતું. આ સમગ્ર અકસ્માત અંગે સચિન પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે કારચાલક કેતલકુમાર ખવલાભાઈ ચૌધરી (ઉં.વ.36, રહે. લીંબીગામ, ઉકાઈ, તાપી)ની અટકાયત કરી છે અને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

વિધાનસભામાં વિધેયક પસાર કરવામાં આવ્યું

# રાજ્યમાં આઝાદી પછી પ્રથમવાર ‘ટુકડા ધારા’માં વ્યાપક સુધારા

**૭૫** વર્ષ જૂની જટિલતાનો અંત આવશેઃ મંત્રી ઋષિકેશ પટેલ

### શહેરી વિસ્તારોને ટુકડા ધારામાંથી મુક્તિ

સુધારાના અન્ય મહત્વના પ્રાવધાન મુજબ મહાનગરપાલિકા, નગરપાલિકા તથા શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારોને ટુકડા ધારામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે. પરિણામે શહેરી વિસ્તારોમાં બિનખેતી (NA) પ્રક્રિયા, બાંધકામ તથા જમીનના લે-વેચના વ્યવહારો વધુ ઝડપી અને પારદર્શક બનશે. સરકાર દ્વારા રચાયેલી ઉચ્ચસ્તરીય કમિટીના અભ્યાસ અને ભલામણોના આધારે આ સુધારા કરવામાં આવ્યા હોવાનું મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું. રાજ્ય સરકારે અગાઉ તા. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના જાહેરનામા દ્વારા કરેલા સુધારાઓને હવે વિધેયક મારફતે કાયદાકીય સ્વરૂપ આપવામાં આવ્યું છે. મંત્રીના જણાવ્યા મુજબ આ સુધારો માત્ર કાયદાકીય ફેરફાર નહીં, પરંતુ ખેડૂતો, મધ્યમ વર્ગ અને જમીનધારકો માટે ‘Ease of Doing Business’ અને ‘Ease of Living’ તરફનું મહત્વપૂર્ણ પગલું છે. આનાથી જમીન વ્યવહારોમાં પારદર્શિતા વધવાની સાથે વહીવટી જટિલતા અને ભ્રષ્ટાચાર પર પણ અંકુશ આવવાની અપેક્ષા છે.

ગાંધીનગરઃ ગુજરાત ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને એકત્રીકરણ કરવા બાબતનો (સુધારા) વિધેયક, ૨૦૨૬ ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો છે.

વિધેયક અંગે માહિતી આપતા મહેસૂલ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આઝાદી પછી પ્રથમવાર ટુકડા ધારામાં આટલા વ્યાપક સુધારા કરવામાં આવ્યા છે. વર્ષ ૧૯૪૮થી નવા કાયદાના અમલ સુધી નિયમ કરતાં નાના ટુકડા પડ્યા હોય અથવા ટુકડા ધારાનો ભંગ થયો હોય તેવા જૂના તમામ કિસ્સાઓને કોઈપણ પ્રકારનો દંડ કે પ્રીમિયમ વસૂલ્યા વિના નિયમબદ્ધ (રેગ્યુલાઈઝ) કરવામાં આવશે. આ નિર્ણયથી રાજ્યના લાખો ખેડૂતો અને જમીનધારકોને રાહત મળશે. સરકારે રાજ્યના ગ્રામ્ય વિસ્તારો માટે જમીનના ટુકડાનું એકસમાન લઘુત્તમ ક્ષેત્રફળ ૧૦ ગુંઠા (૧૦૧૨ ચો.મી.) નક્કી કર્યું છે. અગાઉ પિયત, બિનપિયત, બાગાયત અને જીરાયત જમીન સહિત વિવિધ વિસ્તારોમાં ટુકડાના માપદંડ અલગ હોવાથી ખેડૂતો અને જમીનધારકોમાં મૂંઝવણ રહેતી હતી. નવા સુધારાથી આ જટિલતા દૂર થશે અને ૧૦ ગુંઠાથી ઓછો ખેતીની જમીનનો ટુકડો પાડી શકાશે નહીં.

# સુરતમાં હાઈકોર્ટની બેન્ચ માટે ૩૦ વકીલ મંડળે ઠરાવ કર્યો

**દક્ષિણ** ગુજરાતના બીસીજી સભ્યો આગામી દિવસોમાં રજૂઆતનો દૌર શરૂ કરશે

**સિટી** બારની હાઈકોર્ટ બેન્ચ મુદ્દે તાજેતરમાં બેઠક મળી હતી

**સુરત** બાર સાથે ખભેખભા મિલાવી લડત ચલાવીશું: નીલકંઠ બારોટ

સુરતઃ સુરતમાં હાઈકોર્ટની બેન્ચ માટે લડતનાં મંડાણ કરનાર દક્ષિણ ગુજરાતના બીસીજી સભ્યોની દક્ષિણ ગુજરાતના ૪૦ જેટલાં વકીલ મંડળના પદાધિકારીઓની બેઠક બાદ શુક્રવારે ૩૦ જેટલાં વકીલ મંડળે ઠરાવ કરીને બીસીજી સભ્યોને સુપરત કર્યા હોવાનું બીસીજી સભ્ય ઝકી શેખે જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, એકાદ બે દિવસમાં તમામ વકીલ મંડળના ઠરાવો આવી જશે. ત્યારબાદ હાઈકોર્ટ અને સરકારમાં રજૂઆત કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં બીસીજી સભ્ય ઝકી શેખ, પ્રીતિ જોશી, હરેશ નાકરાણી, હિરલ પાનવાલા, ભાવેશ રબારી, હિતેશ પટેલ, પ્રવીણ પટેલ, વંદના ભટ્ટની આગેવાનીમાં દક્ષિણ ગુજરાતના વકીલ મંડળના પદાધિકારીઓની બેઠક મળી હતી, જેમાં સુરત ખાતે ગુજરાત હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની માંગણીને સંપૂર્ણ સમર્થન આપતો ઠરાવ કરવામાં આવ્યો હતો. જેને ધ્યાનમાં રાખીને દક્ષિણ ગુજરાતના વકીલ મંડળોએ બેઠક બોલાવી સમર્થન કરતાં ઠરાવો કર્યા હતા અને બીસીજી સભ્યોને આ ઠરાવો સુપરત કરવામાં આવ્યા હતા. દરમિયાન સુરત સીટી બારના પ્રમુખ નીલકંઠ બારોટે જણાવ્યું હતુ કે સિટી બારની હાઈકોર્ટ બેન્ચના મુદ્દે તાજેતરમા બેઠક મળી હતી. જેમાં સુરતને હાઈકોર્ટની બેન્ચ મળે એ મુદ્દે વ્યાપક ચર્ચા કરવામાં આવી હતી અને સુરત જિલ્લા બારની સાથે ખભેખભા મિલાવીને સુરત બારની કમિટી મારફતે આગળની રણનીતિ તૈયાર કરવા માટેનો નિર્ણય લેવાયો હતો.

# ખટોદરામાં અનાજના વેપારી સાથે રૂ.૩૦.૧૫ લાખની છેતરપિંડી


**ઉમિયા** ટ્રેડિંગમાં ઓર્ડર અને ઉઘરાણીનું કામ કરતાં માણેકલાલે વેપારીઓ પાસેથી નાણાં મેળવ્યાં

**સહીવાળી** રસીદ આપી રકમ પેઢીમાં જમા ન કરાવતાં ભોપાળું બહાર આવ્યું

સુરતઃ ખટોદરા વિસ્તારમાં આવેલી અનાજની જાણીતી જથ્થાબંધ પેઢીમાં વર્ષોથી નોકરી કરતા કર્મચારીએ જ માલિકનો વિશ્વાસઘાત કરી રૂ.૩૦.૧૫ લાખથી વધુની રકમની છેતરપિંડી આચરી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

અલથાણ કેનાલ રોડ પર આવેલા કોરલ હાઈટ્સમાં રહેતા પ્રકાશભાઈ રમણલાલ પટેલ (ઉં.વ.૪૫) ખટોદરા ખાતે આવેલી નંદ પરમાનંદ ઈન્ડસ્ટ્રિયલ સોસાયટીમાં ‘ઉમિયા ટ્રેડિંગ’ નામે અનાજનો જથ્થાબંધ વેપાર કરે છે. તેમની પેઢીમાં છેલ્લાં બે-ત્રણ વર્ષથી માણેકલાલ ઉર્ફે મનીષ લીખમારામ નામનો શખસ નોકરી કરતો હતો. પ્રકાશભાઈ વેપારીઓને ઉધારમાં માલ આપતા હતા અને તેની ઉઘરાણીની જવાબદારી પણ માણેકલાલને જ સોંપવામાં આવતી હતી. તાજેતરમાં પ્રકાશભાઈએ અલગ-અલગ વેપારીઓ પાસેથી રૂપિયા ૩૦,૧૫,૬૭૪ની ઉઘરાણીની વાત કરતાં તેણે ગલ્લાંતલ્લાં કર્યા હતા અને જ્યારે પ્રકાશભાઈએ તપાસ કરી ત્યારે ખબર પડી કે વેપારીઓએ હિસાબના તમામ રૂપિયા માણેકલાલને ચૂકવી આપ્યા છે અને રસીદ બુકમાં તેની સહી પણ લીધેલી છે. જ્યારે માણેકલાલને પુછ્યું ત્યારે તેણે ધમકી આપી, જતા રહી પોતાનો ફોન બંધ કરી દીધી હતો. જેથી પ્રકાશભાઈએ ખટોદરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

# દમણના કુખ્યાત સુખા પટેલની વધુ 6.52 કરોડની મિલકત જપ્ત



**દમણ**-વલસાડની 17 અચલ સંપત્તિ પર PMLA હેઠળ કાર્યવાહી કરાઈ, કુલ 13.85 કરોડની સંપત્તિ જપ્ત

### સુખા પટેલની જપ્ત કરાયેલી સંપત્તિઓનો હિસાબ

- » નવી જપ્ત કરાયેલી મિલકતોઃ 17 (સ્થળઃ દમણ અને વલસાડ)
- » નવી મિલકતોની કિંમતઃ રૂ.6.52 કરોડ
- » અગાઉ જપ્ત કરાયેલી મિલકતોઃ 24 (સ્થળઃ દમણ અને મુંબઈ)
- » અગાઉ જપ્ત કરાયેલી મિલકતોની કિંમતઃ રૂ.4.42 કરોડ
- » રોકડ અને બેંક થાપણોઃ રૂ.2.90 કરોડ
- » કુલ જપ્ત/ફ્રીઝ કરાયેલી સંપત્તિ રૂ.: 13.85 કરોડ

સુરતઃ ઈડીના સુરત યુનિટ દ્વારા ‘પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ’ હેઠળ દમણના એક સમયના કુખ્યાત સુરેશ જગુભાઈ પટેલ ઉર્ફે ‘સુખા પટેલ’ અને તેના સાગરીતો સામે ચાલી રહેલી તપાસમાં દમણ અને ગુજરાતના વલસાડ ખાતે આવેલી રૂ. 6.52 કરોડની કિંમતની વધુ 17 અચલ સંપત્તિઓ ટાંચમાં લીધી છે.

ગુજરાત, દમણ અને મુંબઈ પોલીસ દ્વારા સુરેશ પટેલ અને તેના સાથીઓ વિરુદ્ધ હત્યા, બળજબરીથી વસૂલી, ગેરકાયદે હથિયારો રાખવા, ભ્રષ્ટાચાર, છેતરપિંડી અને પાસપોર્ટ તથા કોપીરાઈટ ભંગ જેવા ગંભીર ગુનાઓ હેઠળ નોંધાયેલી વિવિધ ફરિયાદના આધારે ઈડીએ આ નાણાકીય તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ખુલાસો થયો હતો કે સુરેશ પટેલે પોતાની ગુનાહિત છાપ, ધમકીઓ અને ભયનો માહોલ ઊભો કરીને દમણમાં સ્ક્રેપના વેપાર અને પરિવહન (ટ્રાન્સપોર્ટ) ક્ષેત્રે હરીફ વેપારીઓને હટાવીને પોતાનું ગેરકાયદે વર્ચસ્વ તથા એકાધિકાર સ્થાપ્યો હતો. અગાઉ હાથ ધરાયેલી કાર્યવાહી દરમિયાન ઈડી એ રૂ. 2.90 કરોડની રોકડ અને બેંક બેલેન્સ ફ્રીઝ કર્યા હતા, તેમજ દમણ અને મુંબઈ સ્થિત રૂ. 4.42 કરોડની 24 મિલકતો અગાઉ જપ્ત કરી હતી.

લવાછા-દાંડી કાંઠા વિસ્તારનાં ગામડાં માટે બે ઓવરબ્રિજની માંગ

# સાકેત આશ્રમ અને ભેંસાણ રેલવે ફાટક બંધને કારણે 40 ગામના લોકો હેરાન

**રેલવે** ફાટક બંધ થતાં વાહનોની લાંબી કતારો, 30-40 મીટરે જ સ્ટેટ હાઇવેના ચાર રસ્તા હોવાથી ટ્રાફિકનો જટિલ પ્રશ્ન

### અકસ્માતોને પગલે ઓવરબ્રિજની માંગ વધુ ઉગ્ર

રજૂઆતમાં જણાવ્યા પ્રમાણે આ વિસ્તારમાં ટ્રાફિકના દબાણ અને ભારે વાહનોની સતત અવરજવરના કારણે નિર્દોષ ગ્રામજનો તેમજ શહેરીજનોએ જીવ ગુમાવ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આથી માત્ર ટ્રાફિક હળવો કરવા નહીં પરંતુ વાહનચાલકો અને સ્થાનિક ગ્રામજનોની સલામતી માટે પણ બંને રેલવે ફાટક ઉપર ઓવરબ્રિજ જરૂરી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. ભવિષ્યમાં રેલવે ટ્રેક ડબલ થતાં ટ્રેનોની અવરજવર વધવાની શક્યતા છે. તેના કારણે રેલવે ફાટક વધુ વાર અને લાંબા સમય માટે બંધ રહે તો હાલની ટ્રાફિક સમસ્યા વધુ ગંભીર બની શકે છે.

સુરતઃ સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના લવાછા-દાંડી સહિતના કાંઠા વિસ્તારના અંદાજે 40થી 50 ગામોના ગ્રામજનો માટે સુરત શહેર તરફ આવવા-જવા દરમિયાન સર્જાતી ટ્રાફિકની સમસ્યા હવે ગંભીર બની રહી છે.

સાકેત આશ્રમ અને ભેસાણ રેલવે ફાટક બંધ થતાં બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી જાય છે. એક તરફ રેલવે ફાટક અને બીજી તરફ માત્ર 30થી 40 મીટરના અંતરે સ્ટેટ હાઇવેનું ચાર રસ્તું હોવાથી અહીં ટ્રાફિક વ્યવસ્થાની સ્થિતિ વધુ જટિલ બની રહી છે. આથી બંને સ્થળોએ તાત્કાલિક ઓવરબ્રિજ બનાવવાની માંગ ઊઠી છે.

ચોર્યાસી તાલુકા પંચાયતના સભ્ય દિપકભાઈ ડી. પટેલે આ અંગે રજૂઆત કરી તાત્કાલિક ધોરણે સાંકેટ આશ્રમ અને ભેસાણ રેલવે ફાટક ઉપર ઓવરબ્રિજ બનાવવાની માંગ કરી છે. તેમની રજૂઆત મુજબ ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં વિકાસની ગતિ વધી છે.

અનેક લોકો રોજગારી અને વ્યવસાય માટે સુરત શહેર તરફ અવરજવર કરે છે, જ્યારે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પણ શાળા-કોલેજના અભ્યાસ માટે સુરત આવે છે. આવા સંજોગોમાં બંને રેલવે ફાટક સ્થાનિક લોકો માટે અત્યંત મહત્ત્વના માર્ગ બની ગયા છે.

# જંબુસર પાસે મધદરિયે બોટ બગડતાં 8 માછીમાર ફસાયા, 7 બચ્યા, 1 લાપત્તા





**જીવ** બચાવવા દરિયામાં કૂદી પડેલા ૭ માછીમારને બચાવી લેવાયા

ભરૂચઃ જંબુસરના સારોદ, વેડચ અને માલપુર ગામના ૮ માછીમાર ગંગવા ખાતેથી બોટ લઈને દરિયામાં માછીમારી અર્થે ગયા હતા. દરમિયાન દરિયામાં કાવી-કંબોઈ અને ધુવારણ વચ્ચે બોટ અચાનક બગડી જતાં તમામ માછીમારો મધદરિયે ફસાઈ ગયા હતા.

જીવ બચાવવા દરિયામાં કૂદી પડેલા ૭ માછીમારને દેહગામ નજીક સ્થાનિકોની મદદથી સલામત રીતે બહાર કાઢી લેવાયા હતા. ઘટનાની જાણ થતાં જ કાવી અને દેહગામના સરપંચ સહિત સલમાન ઇલ્યાસ રાજે (કાવી), મલેક યાકુબ અને વિનોદભાઈ રામાભાઈ વાઘેલા જેવા સ્થાનિક લોકોએ સ્થળ પર પહોંચી માનવતા દાખવી રેસ્ક્યુ કામગીરીમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જોકે, સારોદ ગામના ૨૩ વર્ષીય યુવક અક્ષય કરશનભાઈ વાઘેલા હજુ પણ લાપતા હોવાથી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# રસ્તા પર કેમ ઊભો છે, તારા બાપનો રોડ છે?’ તેમ કહી વકીલને ચપ્પુ મારી દેવાયું

**ચપ્પુ** મારનાર ‘યોગીયા પાત્રા’ અને સૂરજે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી

### વકીલને ચપ્પુ હુલાવનાર બે જેલભેગા, આરોપી તરફે કોઈ વકીલ હાજર થયા નહીં

સુરતઃ ‘તું એડવોકેટ હોય તો તારા ઘરનો’ તેમ કહી વકીલ કૈલાશ મિશ્રા પર હુમલો કરનાર આરોપી યોગેશ ઉર્ફે યોગીયા પાત્રા અને સુરજ ઉપાધ્યાયની પાંડેસરા પોલીસે ધરપકડ કરી આજે કોર્ટમાં રજુ કરતાં આ બંને આરોપી તરફે કોઈ વકીલ હાજર થયું ન હતું. જયારે મુળ ફરિયાદી વકીલ તરફે વકીલ ઉદય પટેલ અને દિપક કોકાસ હાજર થઈ આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવતા હોવાની રજુઆત કરી હતી. પોલીસ તરફથી રિમાન્ડની માંગણી નહીં કરાતાં બંન્ને આરોપીને કોર્ટ કસ્ટડીમાં લેવાનો હુકમ કરી લાજપોર જેલમાં મોકલી આપવાનો હુકમ કોર્ટએ કર્યો હતો.

સુરતઃ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં અસીલની અરજી આપી બહાર નીકળેલા યુવાન એડવોકેટ પર જાહેર રસ્તા પર જ બે શખસોએ હથિયારથી હુમલો કરીને ઈજા પહોંચાડી હતી.

પાંડેસરાના વડોદ ગામના રણછોડ નગરમાં રહેતા અને સુરત કોર્ટમાં છેલ્લા દસ મહિનાથી વકીલાત કરતા ૨૬ વર્ષીય કૈલાશ દેવનારાયણ મિશ્રા ગત તા. ૦૯ સપ્ટેમ્બરના રોજ પોતાના અસીલ અનુપમ શુકલા (રહે. ભેસ્તાન) સાથે પાંડેસરા પોલીસ સ્ટેશન ગયા હતા. અરજી આપ્યા બાદ કૈલાશભાઈ અને તેમના અસીલ પોલીસ સ્ટેશનથી બહાર નીકળી નાઝ એન્ટરપ્રાઈઝ પાસે જાહેર રોડ પર પહોંચ્યા હતા, જ્યાં સમાધાનની વાતચીત કરી રહ્યા હતા ત્યારે રાત્રિના દોઢેક વાગ્યાના અરસામાં યોગેશ ઉર્ફે યોગીયા પાત્રા અને સૂરજ નામના બે શખ્સોએ બાઈક પર આવીને ઉશ્કેરાઈને કહ્યું હતું કે, “જાહેર રોડ પર શું કામ ઊભો છે? તારા બાપનો રોડ છે? તું એડવોકેટ હોય તો તારા ઘરે.” તેમ કહીનેયોગેશે પોતાના ખિસ્સામાંથી લોખંડ જેવું ધારદાર હથિયાર કાઢી કૈલાશભાઈના પેટના ડાબી બાજુ તથા છાતીના ભાગે ઘા ઝીંકી દીધા હતા. આ જોઈ અસીલ અનુપમ શુકલા દોડીને પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. પોલીસ કર્મચારીઓને ઘટનાસ્થળે દોડી આવતા જોઈ સૂરજે “આજે તો બચી ગયો છે, હવે ભેગો થયો તો જાનથી મારી નાખીશ” તેવી ધમકી આપી બંને મોટરસાયકલ પર ફરાર થઈ ગયા હતા.

# દુર્લભ રોગથી પીડાતા યુવાનને નવી સિવિલના તબીબોએ બચાવ્યો

**બે** વખત એચઆરસીટી, બે વખત બ્રોન્કોસ્કોપી અને બીએએલ ટેસ્ટ નેગેટિવ છતાં ટીબીની સારવાર ચાલુ હતી

**દવાની** આડઅસરથી લીવર-કિડનીને નુકસાન થતાં નવી સિવિલમાં તપાસ બાદ ‘વેગેનર ગ્રેન્યુલોમેટોસિસ’નું નિદાન

સુરતઃ ટીબી જેવા લાગતા દુર્લભ રોગના દર્દીની સુરતની નવી સિવિલ હોસ્પિ.ના તબીબોએ સારવાર કરી તેને નવજીવન આપ્યું હતું.

મળતી માહિતી મુજબ, સુરતના ૩૩ વર્ષીય યુવકને છેલ્લા કેટલાક સમયથી ફેફસાંની ગંભીર તકલીફ હતી. ખાનગી હોસ્પિટલમાં છાતીના એક્સ-રે અને એચઆરસીટી સ્કેનના આધારે ફેફસાંનો ટીબી હોવાનું જણાવી ટીબીની દવાઓ શરૂ કરવામાં આવી હતી. આશરે ૩૦ દિવસ સુધી ટીબીની દવા લીધા બાદ દર્દીના લીવર અને કિડની પર પ્રતિકૂળ અસર થતાં દવા બંધ કરવી પડી હતી. ત્યારબાદ નવી સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ એસોસિયેટ પ્રોફેસર ડૉ. ખ્યાતિ શામળિયા અને કન્સલ્ટન્ટ ડૉ. મયુરી ઉપાસેએ દર્દીની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. સાથે રૂમેટોલોજિસ્ટ ડૉ. અલ્પના પરમાર પણ જોડાયા હતા. વિસ્તૃત તપાસમાં દર્દીને ટીબી નહીં પરંતુ અત્યંત જવલ્લે જોવા મળતો વેગેનર ગ્રેન્યુલોમેટોસિસ (ગ્રેન્યુલોમેટોસિસ વિથ પોલિએન્જાઈટિસ) હોવાની પુષ્ટિ થઈ હતી. દર્દીને સાચું નિદાન મળ્યા બાદ સારવારમાં ફેરફાર કરીને તેને બચાવી લેવામાં આવ્યો હતો.હાલ દર્દી સ્વસ્થ હોવાનું તબીબોએ જણાવ્યું છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### સુરતમાં 5,000...

શેરબજાર સાથે સંકળાયેલા છે. આ પૈકી લગભગ 200થી વધુ કરદાતાઓ એવા છે, જેમની વાર્ષિક આવક 10 કરોડથી પણ વધુ છે. શહેરમાં કરોડપતિ કરદાતાઓની સંખ્યા ગત વર્ષે 4,200 હતી, જે આ વર્ષે વધીને 5,000ને પાર કરી ગઈ છે, જે 20 ટકાનો વધારો દર્શાવે છે.

### વડોદરામાં જુલાઈ સુધીમાં જ આઈટી દ્વારા 5000 કરોડ વસૂલાયા

ડેટા એનાલિસિસ અને ફેસલેસ સ્ક્રુટિની જેવી આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ઈન્કમટેક્સ વિભાગની કાર્યક્ષમતા વધી છે, જેના પરિણામે ટેક્સ રિટર્ન અને કલેક્શનમાં નોંધપાત્ર વધારો થયો છે. ચાલુ નાણાકીય વર્ષમાં દર મહિને સરેરાશ કલેક્શન પાછલા વર્ષ કરતાં વધુ નોંધાઈ રહ્યું છે. અગાઉ જુલાઈ સુધીમાં 1,100 કરોડ રૂપિયાનું કલેક્શન થયું હતું, જે આ વર્ષે વધીને 1,500 કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે. ખાસ કરીને વડોદરા ઝોન માટે 21,000 કરોડ રૂપિયાનો મહત્વાકાંક્ષી ટાર્ગેટ રાખવામાં આવ્યો છે, જેની સામે ચાલુ નાણાકીય વર્ષમાં જુલાઈ મહિના સુધીમાં જ 5000 કરોડ રૂપિયાનું માતબર કલેક્શન થઈ ચૂક્યું છે.

### સાંસદ ગોવિંદ...

હતા. જમીન માલિકો દ્વારા દસ્તાવેજ કરવામાં વિલંબ થતાં કંપનીએ રકમ પરત માગી હતી. પરંતુ ઠગબાજ દંપતીએ નાણાં પરત ન આપી વાયદાબાજી ચાલુ રાખી હતી. માર્ચ-૨૦૨૬ માં કંપનીએ સ્ટેમ્પ માગતાં દંપતીએ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો કે, એસ.આર.કે. કંપનીના જમા થયેલા ૭૬.૪૪ લાખ રૂપિયામાંથી તેમણે ત્રાહિત વ્યક્તિઓને સ્ટેમ્પ ઈસ્યુ કરી દીધા છે અને નાણાં પોતાના અંગત વપરાશમાં લઈ લીધા છે. ત્યારબાદ રૂ. ૩૦૦ ના સ્ટેમ્પ પર બાહેધરી પત્રક લખી આપવા છતાં સ્ટેમ્પ ન અપાતાં, આખરે આપેલો રૂ. ૭૬,૪૪,૯૦૦ નો ચેક પણ તા. ૧૨/૦૬/૨૦૨૬ ના રોજ બેંકમાંથી રિટર્ન થયો હતો.

સાંસદના પરિવાર સાથે થયેલી માતબર રકમની ઠગાઈ અંગે મેનેજર કનુભાઈ માલવીયાએ સુરત ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો દાખલ કર્યો હતો. આ ગુનાની તપાસ ચલાવી રહેલા પીએસઆઈ ડી.જે. સિસોદિયા અને તેમની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રાંદેર રોડ, પાલનપુર પાટીયા સ્થિત શિલ્પી સોસાયટીમાં રહેતા આરોપી રામકૃષ્ણ કિરીટકુમાર મેવાવાલા (ઉં.વ. ૩૪) તથા સલોની રામકૃષ્ણ મેવાવાલા (ઉં.વ. ૩૩) ની ધરપકડ કરી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### રિટર્ન ફાઈલિંગમાં...

એસ્ટેટમાં તેજી, શેરબજારમાંથી થતી આવક અને સ્ટાર્ટઅપ તથા સર્વિસ સેક્ટરમાંથી નવા કરદાતાઓ જોડાયા છે. ગત વર્ષની સરખામણીએ રિટર્ન ફાઈલિંગમાં 12 થી 15 ટકાનો વધારો નોંધાયો છે.

### ભાડે આપવાનો...

કરાર વિના મિલકત ભાડે આપવી કે ભાડૂઆતની વીજળી-પાણી-ગેસ બંધ કરી દબાણ કરવું હવે નહીં ચાલે. ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬માં ભાડાના વ્યવહાર પર કાયદાનું કડક માળખું ઊભું કરાયું છે–ત્રણ મહિનાથી વધુ ડિપોઝિટ નહીં, ઘર ખાલી કર્યા બાદ એક મહિનામાં ડિપોઝિટ પરત કરવું પડશે અને વિવાદોના ઝડપી ઉકેલ માટે રેન્ટ ઓથોરિટી, રેન્ટ કોર્ટ અને રેન્ટ ટ્રિબ્યુનલની વ્યવસ્થા થશે. વિધાનસભાએ આ વિધેયકને વિના વિરોધે સર્વાનુમતે મંજૂરી આપી છે.

ગુજરાતમાં મકાન ભાડે આપવું કે લેવું હવે માત્ર માલિક-ભાડૂઆત વચ્ચેની સમજૂતી પૂરતું નહીં રહે. ભાડા કરાર ફરજિયાત બનાવતા, સિક્યોરિટી ડિપોઝિટ ત્રણ મહિનાના ભાડા સુધી મર્યાદિત કરતા અને ઘર ખાલી કર્યા બાદ એક મહિનામાં ડિપોઝિટ પરત કરવાની જોગવાઈ ધરાવતું ‘ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬’ આજે ગુજરાત વિધાનસભામાં સર્વાનુમતે પસાર થયું છે.

### નવા કાયદામાં...

» વિવાદનો ઝડપી નિકાલઃ ભાડા સંબંધિત કેસો માટે રેન્ટ ઓથોરિટી, રેન્ટ કોર્ટ અને રેન્ટ ટ્રિબ્યુનલ એમ ત્રણ સ્તરની વ્યવસ્થા ઊભી કરાશે.

» આપત્તિમાં ભાડામાં રાહતઃ પૂર, ભૂકંપ કે ચક્રવાત જેવી કુદરતી આપત્તિથી મિલકત રહેવા યોગ્ય ન રહે તો ભાડૂઆતને ભાડામાંથી રાહત અથવા કરાર લંબાવવાની તક મળશે.

» પ્રોપર્ટી મેનેજરને કાયદાકીય માન્યતાઃ મકાનમાલિક પ્રોપર્ટી મેનેજરની નિમણૂક કરી શકશે અને તેની ભૂમિકા તથા ફરજો કાયદાના માળખામાં નક્કી કરાશે.

» કેટલીક મિલકતોને મુક્તિઃ સરકારી પરિસરો, કર્મચારીઓના સર્વિસ ક્વાર્ટર્સ, ધાર્મિક-સખાવતી સંસ્થાઓ, વક્ફ બોર્ડ અને પબ્લિક ટ્રસ્ટની મિલકતોને કાયદામાંથી મુક્તિ આપવામાં આવી છે. જોકે બંને પક્ષોની સંમતિથી તેઓ કાયદા હેઠળ આવી શકશે.

### દુકાન નં.601થી...

ઇલેક્ટ્રિક વાયરિંગ બળી ગયું છે. બિલ્ડિંગના બાંધકામ અને સ્ટ્રક્ચરને પણ નુકસાન થયું છે. દિવાલો તથા સિલિંગમાંથી પોપડા પડવા લાગ્યા છે. બીજી તરફ આગ બુઝાવવા માટે ફાયર બ્રિગેડે મોટા પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરતાં માર્કેટની અંદર પાણી ભરાઈ ગયું હતું. જેના કારણે કેટલીક દુકાનો તથા તેમાં રહેલા માલસામાનને પાણીથી પણ નુકસાન થયું છે. આગમાંથી નીકળેલા ધુમાડા અને વરાળના કારણે ટેક્સટાઇલના કાપડના માલસામાનને પણ નુકસાન થયું હોવાનું પોલીસ ફરિયાદમાં નોંધાયું છે.

### ચાર મિનિટમાં...

ચાર વેપારીઓને જ પ્રાથમિક અંદાજે રૂ.24 કરોડનું નુકસાન થયાનું જાણવા મળ્યું છે. પોલીસે મોડી રાત્રે આ યુવાનની ઓળખ કરી લીધી હોવાનું અને તેની ધરપકડ હાથવેંતમાં હોવાનું જણાવ્યું હતું.

પોલીસ ફરિયાદ મુજબ સારોલી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ અજીતભાઈ ઠાકોરભાઈ નદે 112 PCRના ઈન્ચાર્જ તરીકે તા.8 સપ્ટેમ્બરના રાત્રે ફરજ પર હતા. તા.9 સપ્ટેમ્બરના રાત્રે 12:46 વાગ્યે પોલીસ કંટ્રોલરૂમમાંથી શ્યામ સંગીની માર્કેટમાં દુકાનમાં આગ લાગ્યાનો કોલ મળ્યો હતો.

કોલર તરીકે માર્કેટના મેનેજર રાહુલકુમાર છગનલાલ પાંડેનો મોબાઈલ નંબર પોલીસને આપવામાં આવ્યો હતો. કંટ્રોલરૂમનો કોલ મળ્યા બાદ PCR વાન 12:48 વાગ્યે શ્યામ સંગીની ટેક્સટાઈલ માર્કેટ ખાતે પહોંચી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચતા ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સ પણ આવી પહોંચી હતી અને ફાયર બ્રિગેડે આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી દીધી હતી. રાત્રે 3:18 વાગ્યે પોલીસ દ્વારા કોલની વિગતો કંટ્રોલરૂમમાં નોંધાવી કોલ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

### CCTVમાં બોટલમાંથી પ્રવાહી છાંટતો શખ્સ કેદ

આગના બનાવની તપાસ દરમિયાન માર્કેટના CCTV કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવતા ચોંકાવનારી હકીકત સામે આવી છે. તા.8 સપ્ટેમ્બરના રાત્રે 8:57 વાગ્યે એક અજાણ્યો શખ્સ માર્કેટમાં બહારથી પ્રવેશતો CCTVમાં દેખાય છે. સીસીટીવીથી બચતો ફરતો દેખાતો હતો. જે બાદ તા.9 સપ્ટેમ્બરના રાત્રે 12:20 વાગ્યે આ જ શખ્સ છઠ્ઠા માળે પહોંચ્યો હતો. તેણે પોતાની પાસે રહેલી બેગમાંથી બોટલ જેવી જણાતી વસ્તુ બહાર કાઢી હતી. ત્યારબાદ બોટલમાં રહેલું કોઈ પ્રવાહી અથવા પદાર્થ છઠ્ઠા માળના પેસેજમાં પડેલા પાર્સલો ઉપર છાંટતો દેખાય છે. પ્રવાહી છાંટ્યા બાદ આ શખ્સે આગ લગાવી ચાર મિનિટમાં ભાગતો CCTV ફૂટેજમાં દેખાઈ રહ્યો છે.આગ લગાવ્યા બાદ આશરે 12:24 વાગ્યે શખ્સ ત્યાંથી નીકળી ગયો હતો. ત્યારબાદ આગ ધીમે ધીમે પેસેજમાંથી છઠ્ઠા માળની દુકાનો અને તેમાં રહેલા કાપડના માલસામાન સુધી પ્રસરી ગઈ હતી.

### આગ અકસ્માત નહીં, ઇરાદાપૂર્વક લગાવાઈ હોવાની આશંકા

CCTV ફૂટેજમાં શખ્સ બાઇક પર કડોદરા તરફથી આવ્યો હોવાનું પણ દેખાઈ આવ્યું છે.જે બાદ બિલ્ડિંગમાં ઘુસીને ચાર કલાક બાદ બોટલ જેવી વસ્તુમાંથી કોઈ પ્રવાહી પાર્સલો ઉપર છાંટ્યા બાદ આગ લગાવતો દેખાતા પોલીસે સમગ્ર બનાવમાં જાણ ભેદુ હોવાની દિશામાં પણ તપાસ શરૂ કરી છે. જોકે CCTVમાં દેખાતું પ્રવાહી કયું હતું અને આગ લગાવવા માટે કયા જ્વલનશીલ પદાર્થનો ઉપયોગ થયો હતો તે અંગે FSL તથા અન્ય વૈજ્ઞાનિક તપાસ બાદ જ ચોક્કસ હકીકત બહાર આવશે. ટાવરના રજીસ્ટ્રેશન એન્ટ્રીના આધારે પણ

### મેનેજરને દુકાન માલિકનો ફોન આવ્યા બાદ આગની જાણ થઇ

માર્કેટના મેનેજર રાહુલકુમાર પાંડેએ પોલીસને જણાવ્યા મુજબ તા.9 સપ્ટેમ્બરના રાત્રે આશરે 12:41 વાગ્યે દુકાન નં.626ના માલિક રૂપેશ સધનો ફોન આવ્યો હતો. તેમણે માર્કેટના છઠ્ઠા માળે આગ લાગી હોવાનું જણાવી તાત્કાલિક આવવા કહ્યું હતું. ત્યારબાદ મેનેજર રાહુલકુમાર પોતાના સ્ટાફના મનોજભાઈ સાથે માર્કેટ તરફ નીકળ્યા હતા. રસ્તામાં જ તેમણે 112ને જાણ કરી હતી અને આશરે દસ મિનિટમાં માર્કેટ ખાતે પહોંચ્યા હતા. માર્કેટના છઠ્ઠા માળે પહોંચતા પેસેજમાં આગ લાગી હોવાનું જણાયું હતું. થોડા સમય બાદ પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સની ટીમો પહોંચી હતી. શરૂઆતમાં પેસેજના ભાગમાં લાગેલી આગ ધીમે ધીમે છઠ્ઠા માળની દુકાનો સુધી પ્રસરી ગઈ હતી. ફાયર વિભાગ દ્વારા તા.9 સપ્ટેમ્બરના સાંજના સમયે આગ ઉપર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો અને ત્યારબાદ પણ કૂલિંગની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી.

### ચાર વેપારીઓને પ્રાથમિક રૂ.24 કરોડનું નુકસાન

પોલીસ ફરિયાદ મુજબ દુકાન નં.603, 604, 605 અને 614ના વેપારી હનુમાન પ્રસાદ દ્વારકાપ્રસાદ ઝવરની દુકાનોમાં ટેક્સટાઇલના કાપડ તથા અન્ય ચીજવસ્તુઓ મળી આશરે રૂ.6 કરોડનું પ્રાથમિક નુકસાન થયું છે.દુકાન નં.616 અને 617ના વેપારી અભિષેક બ્રીજમોહન સોનીની દુકાનોમાં કાપડના માલસામાન સહિત આશરે રૂ.2 કરોડનું નુકસાન થયું છે.દુકાન નં.606થી 609 તથા 610થી 613ના વેપારી અનુરાગ વિજય જલાનની દુકાનોમાં ટેક્સટાઇલના કાપડ અને અન્ય માલસામાન મળી આશરે રૂ.12 કરોડનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.જ્યારે દુકાન નં.601 અને 602ના વેપારી હરીપ્રસાદ ભવરલાલ ઝવરની દુકાનોમાં આશરે રૂ.4 કરોડનું નુકસાન થયું છે. આમ, ઉપરોક્ત ચાર વેપારીઓના માલસામાનમાં જ પ્રાથમિક અંદાજે કુલ રૂ.24 કરોડનું નુકસાન થયું હોવાનું પોલીસ ફરિયાદમાં જણાવાયું છે. આ ઉપરાંત બિલ્ડિંગનું સ્ટ્રક્ચર, સિલિંગ, દિવાલો, લિફ્ટ, ઇલેક્ટ્રિક વાયરિંગ તથા અન્ય મિલકતને થયેલા નુકસાનનું મૂલ્યાંકન સંબંધિત વિભાગો અને નિષ્ણાતો મારફતે કરવામાં આવશે.